# સરદાર પટેલ યુનિવર્સિટી

## કોમ્પ્યુટર સાયન્સની અભ્યાસ સમિતિની સભા

## કાર્યનોંધ

કોમ્પ્યુટર સાયન્સની અભ્યાસ સમિતિની સભા **તારીખ:૧૦/૩/૨૦૨૧ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે** યુનિવર્સિટી કાર્યાલયના જુના સિન્ડિકેટ ખંડમાં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહયા હતા:

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. ડી. બી. ચોકસી (અધ્યક્ષ) | (૩) | શ્રી આર. એચ. સાધુ |
| (૨) | શ્રી ભરતકુમાર બી. પટેલ | (૪) | ડૉ. સંજય માંડવીયા |

સભાની શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા. ત્યારબાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું.

૧. તારીખ:૨૩/૯/૨૦૧૯ના રોજ મળેલ કોમ્પ્યુટર સાયન્સની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

> આથી ઠરાવવામાં આવે છે કે તારીખ:૨૩/૯/૨૦૧૯ના રોજ મળેલ કોમ્પ્યુટર સાયન્સની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૨. કોમ્પ્યુટર સાયન્સની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા વિષયો માટે ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં લેવાનારી તમામ અભ્યાસક્રમના તમામ સેમેસ્ટરની યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરવા બાબત.

> આથી ઠરાવવામાં આવે છે કે કોમ્પ્યુટર સાયન્સની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા વિષયો માટે ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં લેવાનારી તમામ અભ્યાસક્રમોની તમામ સેમેસ્ટરની યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરી સુધારા સહિતની યાદી ચેરમેનશ્રીની સહી સાથે પરબારા યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં સુપ્રત કરવી.

૩. કોમ્પ્યુટર સાયન્સની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમોમાં સુધારો કરવા તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવા માટે નિમેલ સિલેબસ રીવીઝન કમિટીએ તૈયાર કરેલ બિડાણમાં દર્શાવ્યા મુજબના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના પ્રથમ અને બીજા સેમેસ્ટરના સુધારા સહિતના અભ્યાસક્રમો મંજૂર કરવા ચર્ચા વિચારણા કરવા બાબત. **(બિડાણ-૧)**

ચાલુ...

આથી ઠરાવવામાં આવે છે કે કોમ્પ્યુટર સાયન્સની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમોમાં સુધારો કરવા તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવા માટે નિમેલ સિલેબસ રીવીઝન કમિટીએ તૈયાર કરેલ બિડાણમાં દર્શાવ્યા મુજબના સ્નાતક અને અનુસ્નાતકના પ્રથમ અને બીજા સેમેસ્ટરના સુધારા સહિતના અભ્યાસક્રમો મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી ક્રમશઃ કરવો.

૪. અભ્યાસ સમિતિ પર નીચેના સભ્યની તજજ્ઞ(કો-ઓપ્ટેડ મેમ્બર) તરીકે નિમણૂક કરવી.

**તજજ્ઞ(કો-ઓપ્ટેડ મેમ્બર):**

Dr. Narayan A. Joshi,
Professor & Head,
Department of MCA
Dharmsinh Desai University,
Nadiad.
M.No.9537782290.

**અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબત હાથ ધરવામાં આવી:**

૫. આચાર્યશ્રી, સી.પી.પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ, આણંદે તેઓની કોલેજમાં ચાલતા **B.Voc. Software Development** ના પ્રથમ થી છઠ્ઠા સેમેસ્ટરના રિવાઇઝ્ડ સિલેબસ **UGC Guideline** અનુસાર **60% Skill Component** અને **40% General Component** મુજબના આપેલ છે. તે અભ્યાસક્રમો પૈકી **60% Skill Component** ના અભ્યાસક્રમો **NASSCOM** દ્વારા આપવામાં આવેલ છે. જ્યારે **40% General Component** અભ્યાસક્રમો જે યુનિવર્સિટીએ મંજૂર કરવાના થાય છે. તે અભ્યાસક્રમોમાં સદર સભાએ નીચે પ્રમાણેના ફેરફાર કરવાનું સૂચન કરેલ છે.

1. It is suggested to have an integer figure for the number of credits for each course in the syllabus. Instead of 1.5 credits, some integer figure may be selected.
2. There should be course code for all subjects in the syllabus. No course code is found for Practical Training in skill component.
3. Detailing for the course on Practical Training is required.
4. It is recommended to use codes 51, 52, ...etc. for the courses to be implemented from June-2021, since across university it is suggested.

ઉપરોક્ત સૂચનોને ધ્યાને લઇ સિલેબસમાં જરૂરી સુધારા વધારા કરી સુધારેલા અભ્યાસક્રમો ચેરમેનશ્રી સહી સાથે આગામી મળનાર ફેકલ્ટી ઓફ સાયન્સની સભામાં મંજૂરી અર્થે રજૂ કરવા.

નંબર: ડી/એ-૩૩/5996
વલ્લભ વિધાનગર
તારીખ: 30/૩/૨૦૨૧

મદદનીશ કુલસચિવ

પ્રતિ:
કોમ્પ્યુટર સાયન્સની અભ્યાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહિ કરવા સારૂ.
નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ યુનિવર્સિટી વેબસાઇટ પર મૂકવા સારૂ.